સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બેન્કમાં થયા દાખલ! એન્ટ્રી ચાર્જ આપી દો!
- ને ઠંડુ પાણી પણ પીધું! - તો ચાર્જ આપી દો!
વરસે કરશું હિસાબ સ્ટેશનરી ફોર્મ નો -
કામ થૈ ગ્યું રકઝક વિના? - તો ચાર્જ આપી દો !
(બેન્ક ચાર્જ રામાયણ)

હાઈકુ

નચાવે હવે
'ભગવાનો'ને પણ,
'પૂજારી' ગૅંગ...

પીવડાવી ગ્યા!
લોલીપોપ નો જ્યુસ -
'હાઈવે' પર...

ચિંતન

નમસ્યાતો દેવાનતુ હત વિધેસ્તે અપિ વશગા, વિધિર્વન્ધ્યઃ સો અપિ પ્રતિ નિયત કર્મૈકફલદઃ । ફલં કર્માયત્તં યદિ કિમમરૈઃ કિં ચ વિધિના નતમસ્ત્કર્મેભ્યો વિધિરપિ ન યેભ્યઃ પ્રભવતિ ॥

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારની બીજા પ્રકરણનો છે :

(આપણે) અમે એ દેવોને નમસ્કાર કરીએ છીએ જે જાતે પણ દૈવ-નશીબને આધીન છે. તો શું આવું દુષ્ટ-દૈવ - વંદનાને પાત્ર છે ખરું ? 'નશીબ' જાતે પણ જીતવાત્મા દેવોના કર્મ પ્રમાણે જ ફળ આપનારું છે, એટલે કે જો ફળ - પરિણામ પણ સારાં-માઠાં કર્મને જ આધીન હોય તો પછી દેવો અને દૈવ (ભાગ્ય-વિધિ) ને પણ નમસ્કાર કરવાોન શું અર્થ ? આમ મનુષ્યો જો બધા કર્મ કરનારા દેવો જ પગે લાગતા હોય તો નિરર્થક જ છે.

જેને કોઈ કર્મ બંધન નડતું નથી સ્વયં બ્રહ્મ છે, માયાપતિ છે, એવા ભગવાન વિષ્ણુને હું વંદન કરું છું. જેની પાસે કર્મો કે નશીબનું પણ કંઈ ચાલતું નથી.

સુવિચાર

- જ્ઞાનનો ફેલાવો થઈ શકે છે, ડહાપણનો નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધીઓ અને સૂરજથી જેટલું વધુ અંતર રહે એટલું સારું - **મેક્સિકોની કહેવત**
- દરેક યાત્રાળુ કંઈ સંત નથી બનતો - **જનકલ્યાણ**
- દરેક વાદળ નો અર્થ વરસાદ નથી પણ દરેક ધુમાડો આગનો સંકેત છે - **રશિયન કહેવત**
- કિસ્મતને ત્રીજી પેઢી હોતી નથી - **ફ્રેડરિક નિત્સે**
- સંપત્તિ જેટલા સુખો આપે છે તેથી વધુ એ વસૂલ કરે છે - **મનહર મોદી**
- આજનું ઔષધ : છાસ પીવી જમ્યા પછી - કોગળા કરવા ભોજન પછી.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

ઈશ્વરી ન્યાયને સદાય હસતે મુખે સ્વીકાર કરવો જોઈએ અને ઈશ્વરની ઈચ્છા સાથે આપણો સૂર મેળવી જીવનને લય-બદ્ધ, તાલબદ્ધ બનાવી જીવન સંગીત માણવું જોઈએ. જે આ નથી કરી શકતા તે સદા દુઃખી અને ઉદાસીમાં જ રહે છે.

રાજા બાલ્કીના પ્રધાનમંત્રી ભદ્રજિત અત્યંત ન્યાયી-સેવાભાવી-ઈશ્વરભક્ત હતા અને તેથી જ દુષ્ટ-લુચ્ચા મંત્રીઓની આંખમાં કણાની જેમ ખૂંચતા હતા. આ મંત્રીઓ એ છળકપટ અને કાન ભંભેરણીથી રાજાનું મન ચલિત કરી, પ્રધાન ભદ્રજિતને પ્રધાનપદેથી દૂર કરાવી દીધો. ભદ્રજિત તો રાજાને વંદન કરી તે જ વખતે રાજસભા છોડી ગયા. બીજી સવારથી ભદ્રજિત દીનદુઃખી માટે ઘરમાં જ કાર્યાલય શરૂ કર્યું અને ગરીબ-દર્દીઓ એન જરૂરિયાતમંદને ચકાસી તેમને નાણાંકીય મદદ કે દવાદારૂ સ્વરુપે મદદ કરવા લાગ્યા.

શહેરમાં - રાજયમાં ભદ્રજિતની ખ્યાતિ પહેલાં કરતાં પણ વધી - આ વાત રજાના કાન સુધી પહોંચી અને લાંબે ગાળે દુષ્ટ પ્રધાનોની ચાલ પણ સમજાઈ ગઈ - તેમને સજા કરી.

ભદ્રજિતને ઘેર જઈ પોતાની ભૂલનો સ્વીકાર કરી તેને ફરી પદ-પ્રતિષ્ઠા આપ્યા.

એક્ઝિટ પોલ : કેટલા સાચા - કેટલા ખોટા

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશ પર બધાની નજર મંડાયેલી છે. ગોવામાં ઓછી બહુમતી સાથે પણ ભાજપ કમબેંક કરશે તો તે મનોહર પારિકરની અંગત જીત ગણાશે. એ જ રીતે ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશ કે મણિપુરમાં જો ભાજપ સરકાર બનાવવાની સ્થિતિમાં આવશે તો તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાઘડીમાં નવાં છોગાં ઉમેરાશે. એક્ઝિટ પોલ તથા સટ્ટા વાળાઓની ગણતરી સાચી પડે તો પાંચ પૈકી ચાર રાજયોમાં ભાજપનો વિજયરથ ફરી વળે એવી સંભવના નકારી શકાતી નથી. ઉત્તર પ્રદેશમાં એકાદ ન્યૂઝ ચેનલ સિવાય કોઈએ ભાજપની સુવાંગ બહુમતીની આગાહી કરી નથી, છતાં બધાં જ સર્વેક્ષણો એક મુદ્દે સહમત છે કે દેશના આ સૌથી મહત્ત્વના રાજયમાં ભાજપ જ સૌથી મોટો પક્ષ તરીકે ઊપસી આવશે. આવી પરિસ્થિતિ સરજાય તો સ્વભાવિક રીતે જ ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત ઉત્તરપ્રદેશના વર્તમાન રાજયપાલ સૌથી વધુ ધારાસભ્યો ધરાવતી પાર્ટી તરીકે એને જ સરકાર રચવાનું નિમંત્રણ પાઠવે તે સમજી શકાય એમ છે. આવી સ્થિતિમાં વર્તમાન મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના ગઠબંધન પાસે એક જ વિકલ્પ રહે છે અને તે છે બિનસાંપ્રદાયિકતાના મુદ્દે બહુજન સમાજ પાર્ટીનાં સર્વે સર્વા માયાવતી સાથે સહયોગ કરીને ગઠબંધન સરકાર માટેની પેરવી કરવી. અખિલેશ યાદવે આવા સંકેતો આપવા પણ માંડ્યા છે, જો કે સામે પક્ષે માયાવતી સો ગરણે ગાળીને પાણી પીનારાં કૂટનીતિજ્ઞ રાજકારણી છે. તેઓ સત્તામાં ભાગીદારી કરવાની શરતે અગાઉ ભાજપ સાથે ગઠબંધન કરી ચૂકેલાં છે. તેમની સામે સીબીઆઈની લટકતી તલવાર પણ છે જ. પરંતુ આ વખતે ચૂંટણી પ્રચાર દરમિયાન તેઓ ગાઈ વગાડીને કહેતાં રહ્યાં છે કે તેઓ ભાજપ સાથે કોઈ કાળે બેસવાનું પસંદ નહીં કરે બલકે એમનો પ્રયાસ તો ઉત્તરપ્રદેશમાં બસપાની સરકાર બનાવવાનો જ હશે, પરંતુ ભાજપને કોઈ પણ પ્રકારે સત્તા પર આવતું અટકાવવાનો પણ પ્રયત્ન કરશે જ. જો તેઓ પોતાની આ જાહેરાતને વળગી રહેશે તો ભાજપ માટે એવા સંજોગોમાં સતા-કોંગ્રેસ ગઠબંધન કે બસપાના ધારાસભ્યોને ફોડી લાવવાની આયારામ-ગયારામ રાજનીતિ સિવાય બીજો કોઈ જ વિકલ્પ નહીં બચે. ઉત્તરપ્રદેશ જેવા મોટા અને સૌથી મહત્ત્વના રાજયમાં આવી પરિસ્થિતિથી બચવાનો વધુ એક હાથવગો વિકલ્પ ત્રિશંકુ વિધાનસભાને અમુક સમય સુધી લટકતી રાખીન રાષ્ટ્રપતિ શાસન દ્વારા કેન્દ્રના શાસન હેઠળ લાવવાનો પણ રહેશે. અખિલેશ યાદવને એની આગોતરી ગંધ આવી ગઈ હોય એમ એમને આવી પરિસ્થિતિ ન સરજાય તે માટે માયાવતી સહિત ભાજપનાં કોઈ પણ પરિબળોનો સહયોગ મેવવા સામે પગલે પહેલ કરવાના સંકેત આપ્યા છે. કોંગ્રેસ માટે આ ચૂંટણી એક મરવા પડેલી રાષ્ટ્રીય પાર્ટીની અમૃત સંજીવની પુરવાર થઈ શકે એમ હતી. પંજાબમાં અકાલી-ભાજપના ગઠબંધનનો સફાયો કરવામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને સફળતા સાંપડે એવા સંકેતો છે. પરંતુ ખરો ખેલ તો ઉત્તરપ્રદેશનો જ હતો. ભાજપનો કેસરિયો મણિપુરમાં પણ કોંગ્રેસને ભોંયભેગી કરી શકશે તો એ વળી પાછું નરેન્દ્ર મોદીની જ કરિશ્માનું - નોટબંધી દ્વારા ગરીબોને આકર્ષી અઘરા ગણાતા રાજયમાં પ્રવેશ કર્યાનું પ્રમાણ બની રહેશે. હવે વાર કેટલી ? મામાનું ઘર કેટલે ?

યંત્રવત શ્રમ કરવો એ ગુલામી સૂચક છે શ્રમ તો જ્ઞાનથી પ્રકાશિત હોવો જોઈએ

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

કબરની શાંતિ કબરને મોતનું ઘર બનાવે છે. પરંતુ આત્માની શાંતિ અને દિવ્ય જ્ઞાનનું કેન્દ્ર બનાવે છે. આજ રીતે યંત્રવત્ શ્રમ કરવો એ ગુલામીનું સૂચક છે. જયારે જ્ઞાનથી પ્રકાશિત શ્રમ આઝાદીની ભાવનાને પ્રગટ કરે છે, એવો વિચાર મહાત્મા ગાંધી વ્યક્ત કરે છે.

ગાંધીજીએ આ વાત એક પત્રકારના પ્રશ્નના જવાબમાં કહે છે. પ્રશ્નકર્તા પત્રકારનો સવાલ હતો કે 'આપના કહ્યા મુજબ સ્વરાજ હાથથી કંતાયેલા સૂતરથી આવશે.' લગભગ ૨૫ વર્ષ જેટલો સમય આપના આ ખાદી કાર્યને અમલમાં મૂક્યાને થયો છતાં આજ સુધી સ્વરાજ કેમ હાથ આવ્યું નથી?

આ સવાલનો પ્રત્યુત્તર આપતા ગાંધીએ જે કહ્યું તેની લેખના પહેલા ફકરામાં વિગત છે. આ ઉપરાંત ગાંધીએ કહ્યું હતું સ્વરાજ હાથે ચડ્યું નથી એનું કારણ એ છે કે આપણો શ્રમ જ્ઞાન પ્રેરિત ન હતો. યંત્રવત રીતે શ્રમ કરવોએ ગુલામીનું સૂચક છે.

શોષણ વિહિન સમાજ રચના માટે માર્કસ અને મહાત્માના વિચારોની તુલના

જયારે જ્ઞાનથી પ્રકાશિત શ્રમ આઝાદીની ભાવનાને પ્રગટ કરે છે. આ બંને વચ્ચે જમીન આસમાનનો ફેર છે.

ગાંધી કહે છે ખાદીના કાર્યકર્તાઓએ એ વાત સમજવી જોઈએ કે ખાદી વણાટ અને ઉત્પાદનનું શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના કરેલું ખાદી કાર્ય ગમે તેટલી શ્રદ્ધા સાથે કર્યું હોય તો પણ સ્વરાજયની દૃષ્ટિએ બેકાર સાબિત થશે.

શું ચરખો અસફળ રહ્યો ? - એવા સવાલના જવાબમાં ગાંધી શ્રમને જ્ઞાન સાથે જોડવાની વાત કરે છે તો સાથે સાથે ખાદીનું શાસ્ત્રીય જ્ઞાન પણ જરૂરી છે એમ દર્શાવે છે. આખી બાબતને જો બીજી દૃષ્ટિએ જોઈએ તો એક સમાજશાસ્ત્રી તરીકેની ગાંધીજીની તેમણે વ્યક્ત નહીં કરેલી સામાજિક સમસ્યાની નિસ્બત પણ જોવા મળે છે.

સામાજિક વિજ્ઞાનના સમાજશાસ્ત્રની સંઘર્ષવાદી શાખા સાથે જોડાયેલા કાર્લ માર્કસ તેમના આર્થિક જગત અને સમાજ સાથેના સંબંધોમાં મૂડીપતિ અને મજૂરના શોષણની વાત કરે છે. માર્કસ કહે છે માલિકો - મૂડીપતિઓ તેમના મજૂરો (એક રીતના ગુલામો) પાસે તેમના શ્રમના બદલામાં અનેકગણું શોષણ કરે છે. મૂડીપતિ મજૂરોના પરસેવામાંથી 'અતિરિક્ત શ્રમ' કરાવીને એક વ્યવસાયી તરીકે તેણે રોકેલા નાણાંની સરખામણીએ વધુ શ્રમ - અતિરિક્ત શ્રમ કરાવીન મજૂરની મજૂરીમાંથી વધુ અતિરિક્ત મૂલ્ય મેળવે છે. માલિક વધુ નફો મળવવા માટે આ રીતે મજૂરનું વધુ શોષણ કરે છે અને મજૂરોના શ્રમના પ્રતાપે વધુ ને વધુ મૂડી ધારક બનતો જાય છે. આ સ્થિતિ સમાજને વર્ગ સંઘર્ષ તરફ દોરી જાય છે.

'જગતના ગુલામો તમે એક થાવ, ગુલામીની જંજીર સિવાય તમારે કશું જ ગુમાવવાનું નથી.' - એવું બહુ જાણીતું વિધાન કરનાર સમાજ વિજ્ઞાની કાર્લ માર્કસ સંઘર્ષ - લોહીયાળ ક્રાંતિના આધારે સમાજમાં સમાનતાની વાત કરતા હતા. જયારે માણસ નામે મહાત્મા એવા ગાંધી શાંતિપૂર્વક સમાજને સમજાવીને શોષણવિહીન સમાજ રચનાને આગળ વધારતા હતા. માર્કસ અને મહાત્મા બંને શોષણના વિરોધી હતા પણ શોષણને દૂર કરવાના તેમના સાધનો જુદા હતા. ગાંધી શાંતિ અને અહિંસાના માર્ગે સમાજ પરિવર્તન લાવવા મથતા હતા.

ગાંધીજીએ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર વગેરે સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ સમસ્યાઓ કે જુદા જુદા સમયે આવતી ગંભીરતાપૂર્વક પોતાના વિચારો વ્યક્ત કરતા હતા. આ રીતે ગાંધી સમક્ષ આવેલી સંખ્યાબંધ સમસ્યાઓ ઉપર તેમણે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. જે 'હરિજન સેવક' ના પૃષ્ઠો પર અંકિત થયેલા છે. આ વિચારો પૈકી કેટલાંક પસંદ થયેલા સમસ્યાગ્રસ્ત પ્રશ્નો અને તેના ગાંધીએ આપેલા પ્રત્યુત્તરોનું સંકલન કરીને સસ્તુ સાહિત્ય મંડળ, નવી દિલ્હીએ 'ગાંધીજીએ કહા થા અગર મેં ડિરેકટર હોતા' નામની પુસ્તિકા ૧૯૬૧માં પ્રસિદ્ધ કરી છે. ગાંધીજી સમક્ષ આપેલા પ્રશ્નો અને તેના રામબાણ ઈલાજ સમા જવાબો આજે પણ એકદમ તાજા અને ઉપયોગી લાગે તેવા છે. આ પુસ્તિકામાં રજૂ થયેલો એક સવાલ આજનો લેખ બન્યો છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

યે કહાની હૈ દીયે કી ઔર તુફાન કી : મોરબી અને મચ્છુ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સૌરાષ્ટ્ર – કચ્છની ઉત્સવપ્રિય તથા ભાતીગળ સંસ્કૃતિ ધરાવતી પ્રજાને શ્રાવણ માસનું એક વિશેષ મહત્વ છે. આવોજ માહોલ ૧૯૭૯ ના વર્ષના શ્રાવણ માસમાં પણ હતો. સોનામાં સુગંધ ભળે તેમ ૧૯૭૯ માં જન્માષ્ટમી તથા ૧૫મી ઓગસ્ટ બન્ને એકજ દિવસે આવતા હતા. તે સમયમાં રાજકોટ જિલ્લાના મોરબી નગરના લોકો પણ આવાજ ઉમંગ ઉત્સાહથી સાતમ આઠમના તહેવારો માણવા થનગની રહ્યા હતા. મોરબીની ઓળખ મચ્છુકાંઠાના નગર તરીકે સ્થાપિત થયેલી છે. મોરબીને શણગારી મચ્છુ નદી કચ્છના અખાતને મળે છે અને પોતાના અસ્તિત્વને આ ખારાપાટમાં ઓગાળે છે.

દેશ આઝાદ થયા પછી નદીઓના ધસમસતા પ્રવાહને નાથવા માટે બંધો બાંધવાનું કામ વિશેષ ઝડપી બનાવવામાં આવ્યું. નદીઓના ભારે પુરથી થતી નુકસાનીમાંથી રાહત મેળવવા ઉપરાંત બંધનું નિર્માણ થયા બાદ ડેમનું પાણી પૂરું પાડીને ખેતી સમૃધ્ધ કરી શકાય છે. તે સમયની સૌરાષ્ટ્ર સરકારે વાંકાનેર નગર પાસે મચ્છુ નદી પર એક ડેમના નિર્માણનો પ્રોજેક્ટ હાથ પર લીધો. આ બંધ મચ્છુ બંધ-૧ તરીકે ઓળખાયો. આ ડેમનું નિર્માણ થયા પછી પણ મચ્છુ નદીના પાણીના પ્રવાહને નિયંત્રિત કરીને બીજો એક બંધ બનાવી શકાય તેવી સ્થિતિ હતી અને વ્યાપક લાગણી પણ હતી. આ રીતે મોરબી પાસે મચ્છુ-૨ બંધનો વિચાર થયો. ૧૯૭૨ માં આ બંધનું કામકાજ લગભગ પૂર્ણ કરવામાં આવ્યું.

૧૯૭૯ના ઓગસ્ટ માસમાં મચ્છુ-૨ના ભંગાણની જે ઘટના બની તે વિશ્વની કુદરતી દુર્ઘટનાઓની યાદીમાં કાયમી સ્થાન મેળવે તેવી વિનાશકારી હતી. ૧૯૭૯ની ૧૧મી ઓગસ્ટે બપોરે મચ્છુ-૨ બંધ ઉપર માત્ર છ સાત માણસો ઊભા હતા. નિયતિના પ્રલયકારી ખેલ સામે તેઓ લાચારીનો ભાવ અનુભવતા હતા. ધોધમાર વરસાદ અટકવાનું નામ લેતો ન હતો. પાણીની સપાટી સતત વધતી જતી હતી. પાણીના ધસમસતા પ્રવાહના મોજા કોંક્રીટના બંધની ટોચે અથડાતા હતા. ઉપરનો કાચો પાળો ગમે ત્યારે તુટે તેવી સ્થિતિ સ્પષ્ટ થતી જતી હતી. હવે આ કુદરતી પ્રવાહને ખાળવાનું કામ માનવીએ બાંધેલ બંધ કરી શકે તેમ ન હતું. બંધના ટેલિફોન અને વાયરલેસ એકમો મહદ્દઅંશે ખોરવાઈ ગયા હતા. મચ્છુના પાણી વિકરાળ સ્વરૂપ ધારણ કરીને મોરબી તરફ ધસતા હતા.

નગરના અન્ય લોકોની જેમ મોરબીની તાલુકા જેલના કેદીઓને અસાધારણ તથા વિકરાળ સ્વરૂપધારી એવો વરસાદ તથા શેરીઓમાં ઉભરાતા પાણી ચિંતા કરાવતા હતા. સૌ કેદીઓ જેલના ખુલ્લા મેદાનમાં ઊભા રહી કુદરતનું તાંડવ ભયાવહ નજરે જોતા હતા. કેદીઓની નજર સતત હાંફળાફાંફળા થઈને દોડધામ કરતા પોલીસના પરીચિત માણસો તરફ હતી. જેલની નજીક આવેલા પોલીસ સ્ટેશનની છત પર પોલીસના લોકો તેમના કુટુંબીજનો સાથે મરણીયા થઈને પહોંચવાની કોશીષ કરતા હતા. કેદીઓને થયું કે આપણે હવે શું કરવું ? જેલની અંદરના દરેક ભાગમાં પણ પાણીનો જથ્થો સતત વધતો જતો હતો. તેઓ તાળાબંધ જગાએ હતા એ વાતની પ્રતિતિથી કેદીઓના જીવ પડીકે બંધાયા હતા. સતત મથામણ પછી કેદીઓ પહેલા માળની બારીનો ટેકો લઈ કેદની ખોલીઓના છાપરે પહોંચ્યાં. એકબીજાના સક્રિય તથા હિમ્મતભર્યા ટેકાથી આમ થઈ શક્યું. પાણીના ઊંચા મોજાઓ વધારે ને વધારે વિકરાળ થતા જતા હતા. કેદખાનાના છાપરે ઊભા રહીને કેદીઓએ કંપારી છૂટે તેવા દ્રશ્યો નજરોનજર જોયા. અનેક લોકો તથા પ્રાણીઓ પાણીના વહેતા પ્રવાહમાં તરફડિયા મારતા હતા. પાણીની રાક્ષસી શક્તિ સામે પામર માનવીનું જોર કેટલું ? વહેતા પ્રવાહમાં કુમળા બાળકો માતાની પકડમાંથી છૂટી પડતા નજરે જોવા મળ્યાં. કેદીઓમાંથી બે ત્રણ કેદીઓએ કોઈ અદ્રશ્ય પ્રેરણાથી નિશ્ચય કર્યો : ''હવે જીવીએ કે મરીએ. આપણાંથી જેટલું બને તેટલું કરીએ.'' પાણીના સેલારા મારતા પ્રવાહમાં કેદીઓ તણાતા લોકોને બચાવી લેવાના કામમાં પડ્યા. પણીના ઘૂઘવતા દરિયામાં જેલના આ બંદીવાન લોકો શક્ય બને તેટલા લોકોના મુક્તિદાતા થવા કફન બાંધીને નીકળી પડ્યા હતા. માનવીના અંતરના ઊંડાણમાંથી માનવતાનું પ્રવિત્ર ઝરણું ક્યારે અને કોનામાં પ્રગટ થશે તેના કોઈ ધારાધોરણ નથી હોતા. બચાવ કાર્ય કરતા કરતા આ કેદીઓની શક્તિ કપરા પરિશ્રમથી ઓગળવા લાગી. જે ઘાવ શરીર પર થયા તેની પીડા પોતે કરેલા બચાવના કાર્યના સંતોષ સામે આ મરજીવાઓને ફીક્કી લાગતી હતી.

મચ્છુ ડેમ હોનારતના ત્રણ દાયકા પછી '' ઝીલો રે મચ્છુનો પડકાર '' પ્રગટ થયું. ગુજરાતની જાણીતી પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. (રાજકોટ) તરફથી આ ગુજરાતી પુસ્તકનું પ્રકાશન હોનારતના દિવસને યાદ રાખીને ૨૦૧૫ની ઓગસ્ટની ૧૧મી તારીખે કરવામાં આવ્યું. મૂળ અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકના લેખકો ઉત્પલ સાંડેસરા તથા ટોમ વૂટન છે. આ બન્ને લોકો અમેરિકાની સુપ્રસિધ્ધ હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ – સંશોધકો છે. વર્ષ ૨૦૦૬ માં આ બન્ને સંશોધકોએ લગભગ ત્રણ મહિના સુધી જાત માહિતી – મુલાકાતો અને દસ્તાવેજો પરથી આ પુસ્તક અંગ્રેજીમાં લખ્યું. લેખકોએ જણાવ્યું છે કે તેમને નિવેદન આપનારા લોકોના હિંમતભર્યા અને સરળ વ્રતાંત સિવાય આ કાર્ય થઈ ન શક્યું હોત. અનેક સરકારી અધિકારીઓ તેમજ સંસ્થાઓએ પણ લેખકોને ઉમળકાથી સહયોગ આપ્યો. મૂળ અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકનું ટાઈટલ ''દ્ર્ંહી રટ્ટઞ્ર ર્ંહ્લ્ર્ી જૌટ્ટા'' હતું. ગુજરાતી ભાષાંતર શ્રી નિરંજન સાંડેસરાએ કરેલું છે.

સમીક્ષકોએ પુસ્તકમાં રજૂ થયેલ વિગતો દરેક કાળમાં સાંપ્રત છે તેમ લખ્યુંછે તે યથાર્થ છે. લોકો કામ કરતા જાય અને વેદનાના આંસુ પણ સારતા જાય તેવું વિરલ દ્રશ્ય દુનિયાએ પૂરગ્રસ્ત મોરબીમાં જોયું. અનેક સંસ્થાઓ તથા વ્યક્તિઓ રાહત તથા પુનઃ નિર્માણના કામમાં સ્વેચ્છાએ જોતરાઈ ગયા. સરકાર તથા સમાજ માટે આવી સંશોધન ગાથાઓ અને તેનું સુયોગ્ય દસ્તાવેજીકરણ ભવિષ્યની સજ્જતા કેળવવા માટે ઉપયોગી તથા માર્ગદર્શક બની શકે છે.

રવિવારે ગાંધીનગરમાં બાળ સાહિત્ય વિશે ફિલિપ કલાર્કનું વકતવ્ય



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

બાળ સાહિત્યકાર અને ગઝલકાર ફિલિપ કલાર્કનું સાહિત્યિક વકતવ્ય...

ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત; બાળસાહિત્યકાર અને ગઝલકાર ફિલિપ કલાર્કનો 'બાળસાહિત્ય અને આપણે' વિષય પરનો સાહિત્યિક વકતવ્યનો કાર્યક્રમ ૧૨મી માર્ચને ૨૦૧૭ને બીજા રવિવારના રોજ, સાંજે ૫ વાગે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે, તો આ સાહિત્યિ કાર્યક્રમને માણવા અચૂક પધારવા; નગરના સુજ્ઞ મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો અને સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

● ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા બાળવાર્તા લેખન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગે ભાગ લેવા ઈચ્છતા - રુચિ ધરાવનારાએ તા. ૧૦-૩-૨૦૧૭ સુધીમાં અકાદમીને નામ નોંધાવવા હતા. આ બાળસાહિત્ય શિબિર તા. ૧૩.૩.૨૦૧૭ના રોજ, કર્મા કાફે, નવજીવન પ્રેસ, અમદાવાદ ખાતે યોજાશે, જે અંગે પસંદ શિબિરાર્થીને જાણ કરાશે.

● નરસિંહ મહેતા એવોર્ડ - ૨૦૧૬, જે બાવીસમો એવોર્ડ છે, જેમાં રૂા. ૧,૫૧,૦૦૦ની રાશિ સાથે, નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમા સ્મૃતિચિહ્ન સાથે આપવામાં આવે છે. તે એવોર્ડ કવિ જલન માતરીને સંત પૂજ્ય મોરારિ બાપુના વરદ હસ્તે અર્પણ કરવામાં આવયો, 'કુમાર'માં કવિઓનો પરિચય આપતી શ્રેણીનું પુસ્તક 'ઊર્મિની ઓળખ' ભાગ - ૧ (૧૯૭૩) - ભાગ -૨ (૨૦૧૧), ગઝલસંગ્રહ, 'જલન' (૧૯૮૪), 'શકન' (૨૦૦૫), 'તપીશ' (૨૦૧૨), 'ઉઘડી આંખ બપોરે રણમાં' (૨૦૦૫) એ એમનું ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કૃત જીવન ચરિત્ર છે. અદ્ભૂત રજૂઆત અને ઊંચી ગઝલો દ્વારા ગઝલની માર્મિકતાનો ભાવકો સુધી પહોંચાડનારા આ ખુદ્દાર અને ખુમારવંતા શાયરની શાયરી વર્ષો સુધી એક સંભારણું બની રહેશે.

● પ્રિયદર્શિની એકેડમી દ્વારા સાહિત્ય ક્ષેત્રના એવોર્ડ આપવા યોજયેલા કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના સાહિત્યકાર રાધેશ્યામ શર્માને 'ચંદ્રાબેન મોહનભાઈ પટેલ એકેડમી ગુજરાતી લિટરરી એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.' આ પ્રસંગે એકેડમીના વડા નિરંજન હીરાનંદાની, સિનેતારિકા, જૂહી ચાવલા, એકેદમીના પૂર્વપ્રમુખ નાનીક રૂપાણી અને ગુજરાતી ભાષાના સાહિત્યકાર ડૉ. યશવંત ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'કવિતામાં છંદ : પ્રયોગ, વિનિયોગ એન સિદ્ધિ' વિશે નો એકદિવસીય પરિસંવાદ યોજાઈ ગયો. આ પ્રસંગે આચાર્ય ડૉ. શૈલેષ સોલંકીએ સૌને આવકારી અકાદમીના અધ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહાએ પરિસંવાદનું ઉદ્ઘાટન કર્યું હતું. ચિનુ મોદીએ બીજરુપ વકતવ્ય આપ્યું હતું. અને આ બેઠકનું સંચાલન નિયતિ અંતાણીએ કર્યું હતું. આ પછી હસમુખ પટેલ અને સ્મિતા મહેતાના સંચાલનમાં મળેલી પ્રથમ બેઠકમાં 'છંદની પારિભાષિક સંજ્ઞાઓ' વિશે ભગીરથ બ્રહ્મભટ્ટે અને 'ગુજરાતી કવિતામાં છંદ' વિશે મણિલાલ પટેલે વકતવ્યો આપ્યાં હતાં. ઓમપ્રકાશ શુક્લ અને મહેશ પટેલના સંચાલનમાં મળેલી બીજી બેઠકમાં 'હિન્દી અને ઉર્દૂમાં ગઝલ' વિશે જ સુલતાન અહેમદે અને 'ચારણી ડીંગલ છંદો' વિશે અંબાદોન રોહડિયાએ માહિતી આપી હતી.

● વડોદરા નિવાસી કવયિત્રી નીલા ત્રિવેદીએ મરાઠી કવિ ચંદ્રકાન્ત દેવતાલેના પ્રતિનિધિ કાવ્યોના ગુજરાતીમાં કરેલા અનુવાદ 'કબૂલાતનામું' નું અમદાવાદ ખાતે, પ્રસિદ્ધ કવિ ડૉ. ધીરુ પરીખે વિમોચન કર્યું હતું. 'કબૂલાતનામું' વિશે ડૉ. વિરંચિ ત્રિવેદીએ આ સ્વાદમૂલક વકતવ્ય આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

● કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન, ગોધરા અને સૂર સમન્વય, દાહોદના સંયુક્ત ઉપક્રમે 'સતીશ ડણાક : વ્યક્તિત્વ અને વાઙ્મય' વિષે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ અને એવોર્ડ અર્પણ સમારોહ 'પુસ્તક પરબ'ના પ્રણેતા અને સાહિત્યવિદ્ ડૉ. પ્રતાપરાય પંડ્યાના અધ્યક્ષપદે તથા સુધીર દેસાઈ, ડૉ. સતીન દેસાઈ, અનિલભાઈ જૈન અને ડૉ. સુજાત ન વલીના અતિથિ વિશેષ પદે ગોધરા ખાતે યોજાઈ ગયો, ડૉ. પ્રવિણ દરજી અને સતીશ ડણાકને સાહિત્ય અને પત્રકારત્વક્ષેત્રે પ્રદાન માટે 'લાઈફ ટાઈમ એવોર્ડ' તેમજ ડૉ. સતીન દેસાઈ, 'પરવેઝ' ને 'કલા એવોર્ડ'ની પ્રતાપરાય પંડ્યાના વરદ્ હસ્તે નવાજવામાં આવ્યા હતા. સુધીર દેસાઈએ છેલ્લા ૫૦ વર્ષના જૂના કૌટુંબિક મૈત્રિપૂર્ણ સંબંધોને યાદ કરી, સતીશ ડણાકના સાહિત્ય પ્રદાન વિશે પ્રકાશ પાડ્યો હતો. અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. પ્રતાપરાય પંડ્યા એ સર્જક સતીશ ડણાકના વ્યક્તિત્વ વિશે વિગતપૂર્ણ વાત કરી હતી. પ્રા. વિનોદ ગાંધીએ 'સતીશ ડણાકનું સંપાદકકાર્ય' વિશે, ડુંગરપુર (રાજસ્થાન)ની કૉલેજના અધ્યક્ષ ડૉ. શ્રીમતી કરુણાજી જોશીએ 'સમાજ વ સંસ્કૃતિ પર મીડિયા કા પ્રભાવ વિશે' હરીશ વટાવવાળાએ 'સતીશ ડણાકનું નિબંધ વિશ્વ' વિશે, ડૉ. સુરેશ મકવાણાએ 'સતીશ ડણાકની કાવ્ય સૃષ્ટિ વિશે, ડૉ. વિરંચી ત્રિવેદીએ 'સતીશ ડણાકની કૃતિલક્ષી વિવેચના' વિશે, 'ફાઉન્ડેશનના અધ્યક્ષ ડૉ. કુમાર જૈમિની શાસ્ત્રીએ 'સતીશ ડણાકનો વિશિષ્ટ કાવ્યોન્મેષ વિષે વકતવ્યો આપ્યા હતા.' સભાનું સંચાલન ડૉ. સુરેશ પટેલે